# ડ્રાઈવિંગ ટ્યુટોરિયલ પાસિંગ માર્ક્સ વધારીને ૭૫ ટકા કરવાની દરખાસ્ત

**સેફ** ડ્રાઇવિંગ ટ્યુટોરિયલ ઓછામાં ઓછું ૩૦ મિનિટનું રાખવાની પણ પરિવહન મંત્રાલયની દરખાસ્ત

**કેટલીક** ઓનલાઇન સેવાઓ માટેની ફી હવે માફ થઇ શકે છે

નવી દિલ્હી, તા. ૨૨(પીટીઆઈ): માર્ગ પરિવહન મંત્રાલયે આધાર ઓથેન્ટિકેશન દ્વારા પૂર્ણ કરવામાં આવતી કેટલીક ઓનલાઈન ડ્રાઈવિંગ લાયસન્સ સેવાઓ માટેની ફી માફ કરવાની સાથે જ, સેફ-ડ્રાઈવિંગ ટ્યુટોરીયલ એસેસમેન્ટ માટેની ક્વોલિફાઈંગ મર્યાદા ૬૦ ટકા પરથી વધારીને ૭૫ ટકા કરવાની દરખાસ્ત કરી છે.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ડ્રાઈવિંગ લાયસન્સના નિયમોમાં સૂચિત ફેરફારોનો હેતુ મૂલ્યાંકનની જરૂરિયાતોને વધુ કડક કરવાનો છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે(MoRTH) સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રૂલ્સના ડ્રાફ્ટ સુધારામાં પ્રસ્તાવ મૂક્યો છે કે સેફ-ડ્રાઈવિંગ ટ્યુટોરીયલ ઓછામાં ઓછા ૩૦ મિનિટનું હોવું જોઈએ. આ પ્રસ્તાવ હેઠળ, લાયસન્સિંગ ઓથોરિટીએ નામ અને સરનામા સહિતની ડ્રાઈવિંગ લાયસન્સની વિગતો બદલવાની અરજીઓને અસ્વીકારના કારણો સાથે ૧૫ દિવસની અંદર મંજૂર અથવા ના-મંજૂર કરવાની રહેશે. તેમાં અરજદારના નામ અને સરનામા સહિતની વ્યક્તિગત વિગતોમાં ફેરફાર માટેનો ચાર્જ હટાવવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે.

ડ્રાફ્ટ નિયમોમાં તે દસ્તાવેજો પણ દર્શાવવામાં આવ્યા છે જેનો ઉપયોગ અરજદારો ઓળખ, ઉંમર અને રહેઠાણના પુરાવા તરીકે કરી શકે છે. આ યાદીમાં અન્ય દસ્તાવેજોની સાથે આધાર, પાસપોર્ટ, મતદાર ઓળખપત્ર, ઈ-રાશન કાર્ડ, જન્મનું પ્રમાણપત્ર સામેલ છે. આ પ્રસ્તાવ હેઠળ, લાયસન્સિંગ ઓથોરિટી દ્વારા જારી કરવામાં આવેલ કે રિન્યૂ કરવામાં આવેલ દરેક ડ્રાઈવિંગ લાયસન્સ ફોર્મ ૭ માં લેમિનેટેડ અથવા પોલિવિનાઈલ ક્લોરાઈડ(PVC) કાર્ડમાં રહેશે. ડ્રાફ્ટ નોટિફિકેશન પ્રસિદ્ધ થયાના ૩૦ દિવસની અંદર હિતધારકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા છે.

# ઈન્સ્ટાગ્રામ પર સોનિયા ગાંધીની એન્ટ્રી




**પોતાના** આગામી પુસ્તકના દેખાવની ઝલક દર્શાવી, આ પુસ્તકની નકલો પોતે મેળવતા હતા તેનો વીડિયો પણ મૂક્યો

**સોનિયા** ગાંધીનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ શરૂ થવાના થોડા જ કલાકોમાં એક લાખ દસ હજાર જેટલા ફોલોઅર્સ થઇ ગયા

નવી દિલ્હી, તા. 22(PTI): કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ગુરુવારે પોતાના આગામી પુસ્તક પર એક પોસ્ટ સાથે ઈન્સ્ટાગ્રામ પર પદાર્પણ કર્યું, જેમના વિશે તેમણે કહ્યું કે તે 'પ્રેમ, ફરજ, નુકસાન અને સંબંધ રાખવા માટેની જગ્યા શોધવાની વાર્તા' છે.

આ સોનિયા ગાંધીનું સોશિયલ મીડિયા પર પહેલું પગલું છે, કારણ કે વર્ષોથી તેઓ તેનાથી અંતર જાળવી રાખતા હતા અને કોંગ્રેસનું X હેન્ડલ એ મંચ હતું જેના પર તેઓ પોતાના વિડિયો નિવેદનો અથવા અન્ય સંદેશાઓ અને પત્રો જાહેર કરતા હતા જે તેઓ સાર્વજનિક કરવા માંગતા હતા. ગાંધીએ તરત જ પોતાના પુત્ર રાહુલ અને પુત્રી પ્રિયંકાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સની સાથે-સાથે પાર્ટીના એકાઉન્ટને પણ ફોલો કર્યું. ફોલોઅર્સની સંખ્યા વધતી જ ગઈ અને થોડા જ કલાકોમાં ૧૧૦ હજાર એટલે કે ૧૧૦૦૦૦ જેટલા ફોલોઅર્સ થઈ ગયા હતા. પોતાની પ્રથમ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં, સોનિયા ગાંધીએ તેમના આગામી પુસ્તક 'બિલોંગિંગ: અ જર્ની ઓફ લવ'ની નકલો પ્રાપ્ત કરવા પ્રસંગેની એક વિડિયો ક્લિપ શેર કરી હતી.

# તિબેટમાં ૭.૦ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ

**સ્થાનિક** સમય પ્રમાણે રાત્રે સાડા દસ વાગ્યાના સુમારે પાટનગર લ્હાસાથી અઢીસો માઇલ દૂર ભૂકંપ સર્જાયો

**ઇજા કે** જાનહાનિના તત્કાળ કોઇ અહેવાલ નહીં, વિનાશક પૂરના બે મહિનામાં જ ભૂકંપ આવ્યો

લ્હાસા, બૈજિંગ, તા. ૨૨: નેપાળમાં ગ્લેશિયરના કારણે આવેલા વિનાશક પૂરના બે મહિના પછી જ, આજે તિબેટમાં ૭.૦ ની તીવ્રતાનો એક મોટો ભૂકંપ આવ્યો હતો.

ચાઈના અર્થક્વેક નેટવર્ક્સ સેન્ટર(CENC)એ જણાવ્યું હતું કે, આ ભૂકંપ સ્થાનિક સમય મુજબ રાત્રે ૧૦.૩૦ વાગ્યે આવ્યો હતો. ડેટા દર્શાવે છે કે આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉત્તરી તિબેટના નાગચુમાં આવેલી વધુ ઊંચાઈ ધરાવતી એક કાઉન્ટીમાં, આશરે ૧૦ કિમીની ઊંડાઈએ હતું. આ આંચકો તિબેટની રાજધાની લ્હાસાથી આશરે ૨૫૦ માઈલ દૂર અનુભવાયો હતો. CENC એ જણાવ્યું કે સ્થાનિક વિસ્તારમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. આ તાજેતરના ભૂકંપ બાદ કોઈ ઘાયલ થયું હોવાના કે મૃત્યુ પામ્યા હોવાના તાજા સમાચાર હજુ સુધી પ્રાપ્ત થયા નથી. ગયા વર્ષે જ તિબેટના ટિંગરી કાઉન્ટીમાં ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં માત્ર આ ક્ષેત્રમાં જ ૪૦૦ જેટલા લોકોનાં મોત થયા હતા, જ્યારે નેપાળમાં વધુ ૧૩ લોકો માર્યા ગયા હતા. ઉત્તર ભારતમાં પણ નુકસાન જોવા મળ્યું હતું અને સમગ્ર દક્ષિણ એશિયામાં આંચકા અનુભવાયા હતા.

# ઈઝરાયેલના સ્વતંત્રતા દિને સ્મૃતિ મશાલ પ્રગટાવવા મોદી અને પાયલટ સ્મિતને ખાસ આમંત્રણ

**ઇઝરાયેલના** વડાપ્રધાને મોદીને ફોન કર્યો: બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની સ્થિતિની ચર્ચા કરી





જેરૂસલેમ, નવી દિલ્હી, તા. ૨૨(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગુરુવારે તેમના ઈઝરાયેલી સમકક્ષ બેન્જામિન નેતાન્યાહૂનો ટેલિફોન કોલ આવ્યો હતો. આ વાર્તાલાપ દરમિયાન બંને નેતાઓએ પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ પર વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું અને આ વિસ્તારમાં શાંતિ તેમજ સ્થિરતા પુનઃસ્થાપિત કરવાની તાતી જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. નેતાન્યાહુએ મોદીને અને ફ્લાય દુબઈમાં સહ-પાયલોટના હુમલા વખતે અદભૂત બહાદુરી બતાવીને વિમાનને તૂટી પડતું અટકાવવા ઝઝૂમનાર ભારતીય મૂળના પાયલોટ સ્મિત મચ્છરને ઈઝરાયેલના સ્વતંત્રતા દિન પ્રસંગે મશાલ પ્રગટાવવા ઈઝરાયેલ આવવા માટે આમંત્રણ આપ્યું હતું.

ફોન કોલ પછી નેતાન્યાહુએ કહ્યું કે 'મેં મારા મિત્ર અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી હતી અને તેમને ઈઝરાયેલના સ્વતંત્રતા દિવસે એક બહાદુર ભારતીય પાયલટ સાથે મશાલ પ્રગટાવવા માટે આમંત્રિત કર્યા હતા,' એમ નેતન્યાહૂએ જણાવ્યું હતું, જેઓ હાલમાં પુનઃચૂંટણી માટેની એક કાંટાની ટક્કર વચ્ચે છે. 'મોદીએ નિમંત્રણ બદલ મારો આભાર માન્યો અને કહ્યું કે, જમીન પર અને હવામાં, ભારત અને ઈઝરાયેલ આતંકવાદ સામે મળીને લડી રહ્યા છે,' નેતાન્યાહુએ આ હિન્દી અને હિબ્રુ બંને ભાષાઓમાં લખ્યું હતું.

મોદી અને નેતાન્યાહૂએ ભારત-ઈઝરાયેલ સંબંધોમાં જળવાયેલી સતત ગતિશીલતાને પણ આવકારી હતી અને બંને દેશો વચ્ચેની 'સ્પેશિયલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ'ને વધુ મજબૂત બનાવવાની તેમની સહિયારી કટિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. વડાપ્રધાન કાર્યાલય(PMO) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'નેતાઓએ પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું અને ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા પુનઃસ્થાપિત કરવાની તાકીદની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# 1 નવેમ્બરથી GSTના નિયમોમાં મોટા સુધારા

**વહીવટી** ફેરફારો નવેમ્બરથી અને કાયદાકીય સુધારા 1 એપ્રિલ 2027થી અમલી બનશે

**શુક્રવારે** સત્તાવાર નોટિફિકેશન જાહેર થવાની શક્યતા

નવી દિલ્હી, તા. ૨૨(PTI): ઈ-કોમર્સ પ્લેટફોર્મ પરના નાના વેચાણકર્તાઓ માટે સરળ GST નોંધણી, GST નોંધણી માટે એકસમાન દસ્તાવેજો, ઝડપી રિફંડ, અને GST નોટિસ ઈશ્યૂ કરવા માટે રૂ. ૧૦,૦૦૦ ની લઘુત્તમ મર્યાદા – ૧ નવેમ્બરથી જે અમલમાં મૂકાય તેવી શક્યતા છે તે જીએસટી સુધારાઓમાંના આ કેટલાક સુધારાઓ છે.

## GST રિટર્ન ફોર્મમાં મોટા સુધારાની તૈયારી

નવી દિલ્હી, તા. 22: ભારત સરકાર દેશની અપ્રત્યક્ષ કર વ્યવસ્થાને વધુ પારદર્શક, સુલભ અને કરદાતાઓને અનુકુળ બનાવવાની દિશામાં એક મોટું પગલું ભરવા જઇ રહી છે. કેન્દ્રીય પરોક્ષ કર અને કસ્ટમ બોર્ડના કમિશ્નર ગૌરવસિંહે કહ્યું છે કે, નાણા મંત્રાલય 1લી નવેમ્બરથી માસિક જીએસટી રિટર્ન ફોર્મમાં સુચિત સુધારા પર વ્યવસાયો અને ઉદ્યોગો પાસેથી સુચનો મંગાવશે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ટેક્સ જવાબદારીઓ અને ઇનપુટ ટેક્સ ક્રેડિટમાં મિસમેચ ઓછી કરવાનો અને કરદાતાઓને બિનજરૂરી ટેક્સ નોટિસથી રાહત આપવાનો છે. સીબીઆઈસીના વરિષ્ઠ અધિકારી ગૌરવ સિંહના જણાવ્યા અનુસાર, સુધારેલું જીએસટી રિટર્ન ફોર્મ 1 નવેમ્બરના રોજ સરકારના MyGov પોર્ટલ પર જાહેર પરામર્શ માટે અપલોડ કરવામાં આવશે. દેશભરના ઉદ્યોગકારો, ઉદ્યોગ સંગઠનો અને ટેક્સ પ્રોફેશનલ્સ 1 નવેમ્બરથી 30 નવેમ્બર સુધી આ અંગે તેમના સૂચનો અને ટિપ્પણીઓ નોંધાવી શકશે. આ સાથે 8 ઓક્ટોબરે યોજાયેલી જીએસટી કાઉન્સીલની 57મી બેઠકમાં લીધા મહત્વના નિર્ણયોને લગતા નોટિફિકેશન અને પરિપત્રોની ચકાસણી કાયદા વિભાગ દ્વારા પુર્ણ થઇ ગઇ છે અને શુક્રવારે તેને સાર્વજનિક ડોમેનમાં મુકવામાં આવશે. કેન્દ્રીય નાણા મંત્રી અ રાજ્યોના નાણામંત્રીઓની બનેલી જીએસટી કાઉન્સીલની 57મી બેઠક જીએસટી રિટર્નમાં જવાબદારીઓ અને ઇનપુટ ટેક્સ ક્રેડિટમાં સુધારા માટે વૈકલ્પિક વ્યવસ્થાને મંજુરી આપવામાં આવી હતી.

## અમેરિકી પોસ્ટલ સર્વિસે દિવાળી પર ટપાલ ટિકિટ બહાર પાડી

વોશિંગ્ટન: તા. 22: યુએસ પોસ્ટેલ સર્વિસ (યુએસપીએસ)એ દિવાળીના તહેવાર નિમિત્તે હ્યુસ્ટન સ્થિત કલાકાર સંગીતા ભૂતડા દ્વારા બનાવવામાં આવેલી ખૂબસૂરત રંગોળીની ડિઝાઇનવાળી એક ટપાલ ટિકિટ બહાર પાડી છે. અમેરિકામાં ભારતના રાજદૂત વિનય મોહન ક્વાત્રા, યુએસપીએસના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ શિબાની ગંભીર અને ભૂતડાએ બુધવારે સાંજે અહીં ભારતીય દૂતાવાસ ખાતે એક સમારોહમાં આ ટિકિટનું અનાવરણ કર્યું હતું.


बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સુરત શહેર ક્ષેત્ર-૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત-૩૯૫૦૦૭ ફોન :+ ૯૧ ૮૬૮૨૯૭૭૫૯, ૭૮૧૪૩૪૬૩૧૭

## ઈ-હરાજી વેચાણ નોટીસ

હરાજીની તા.૨૬/૧૧/૨૦૨૬, સમય :બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦, નિરિક્ષણ તા.૨૩/૧૧/૨૦૨૬ અને ૨૫/૧૧/૨૦૨૬

**સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮ (૬)ની શરતો હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ**

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (હવે પછી અહીં 'એકટ' તરીકે ઉલ્લેખ થશે) હેઠળ સ્થાવર / ચલિત અસ્કયામતોનું વેચાણ. આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદાર(રો) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિકયુર્ટ ક્રેડિટર પાસે ગીરવે મુકાયેલ/ચાર્જમાં રહેલ જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિકયુર્ડ ક્રેડિટર દ્વારા લેવાયેલ છે. તે નીચે દર્શાવેલ ખાતા/ઓની વસુલી માટે "જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે" ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ/ ગીરવેદાર/ જામીનદાર/ઓ, સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ-હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

| અ. નં. | શાખા / દેવાદારનું નામ અને ડિમાન્ડ નોટીસની તારીખ | મિલકતનાં માલિક | મિલકતનું વર્ણન | મિલકતનો પ્રકાર (રોહાઉસ/ફલેટ/રહે. પ્લોટ/ઔદ્યોગિક પ્લોટ/ઔદ્યોગિક બિલ્ડીંગ) / કબજાનો પ્રકાર પ્રત્યક્ષ/સાંકેતિક | બાકી લેણા (રૂ. લાખમાં) તા.૧૮.૧૦.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત (જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા) | ૧) અનામત કિંમત (વાસ્તવિક) ૨) અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ૩) બીડ વધારાની રકમ | સંપર્ક અધિકારીનું નામ અને નંબર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **બલેશ્વર**<br>કપીલાબેન રાજુભાઈ પટેલ<br>૧૭.૦૭.૨૦૨૫ | કપીલાબેન રાજુભાઈ પટેલ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે **શ્રી ક્રિષ્ણા રેસીડન્સી-૧ સ્થિત પ્લોટ નં.૯**, માપ આશરે ૧૮૪.૩૮ ચો.મીટર રોડ અને સીઓપી માપ આશરે ૧૧૧.૯૫ ચો.મી વણવહેચાયેલ હિસ્સા સહિત કુલ માપ આશરે ૨૯૬.૩૩ ચો.મીટર જમીન બ્લોક નં./સર્વે નં. ૩૦૭ જુનો બ્લોક/સર્વે નં. ૨૬૬/પૈકી ૧ માપ હેકટર આરે ૦-૫૬- ૫૬ ચો.મી, ગામ. સંદલપોર, સબ ડિસ્ટ્રકટ. જલાલપોર, જી.નવસારી ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા :**ઉત્તરે** : મિલકત નો પ્લોટ નં. ૧૦, **પૂર્વે** : મિલકત નો પ્લોટ નં. ૧૫, **દક્ષિણે** : મિલકત નો પ્લોટ નં. ૮, **પશ્ચિમે** : સોસાયટી નો આંતરીક રોડ. | રો હાઉસ<br>પ્રત્યક્ષ | રૂા.૨૯.૫૩ + અન્ય ચાર્જીસ | ૧) ૨૮૯૯૮૦૦<br>૨) ૨૮૯૯૮૦<br>૩) ૧૦૦૦૦ | સૌરવ રાજા ૮૯૮૦૦૨૬૬૧૬ |
| ૨ | **બલેશ્વર**<br>રાહુલ રમેશ માળી અને સરલાબેન રમેશ માળી<br>૧૫.૦૪.૨૦૨૬ | રાહુલ રમેશ માળી અને સરલાબેન રમેશ માળી | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે દસ્તાન રેસીડન્સી' નો પ્લોટ નં. ૪૭૬ (૭/૧૨ રેકોર્ડ મુજબ બ્લોક નં.૨૬/૪૭૬) માપ ૪૦.૧૮ ચો.મીટર, ૧૩.૨૫ ચો.મી વણવહેચાયેલ હિસ્સા રોડ અને સીઓપી જમીન ના બાંધકામ નો (૧) રેવન્યુ સર્વે નં.૨૦, બ્લોક નં.૨૬ માપ ૩૨૦૭૨ ચો.મી, (૨) રેવન્યુ સર્વે નં.૫૯, બ્લોક નં.૬૭ માપ ૫૧૯૦૧ ચો.મી., અને (૩) રેવન્યુ સર્વે નં.૬૬, બ્લોક નં.૨૦૦, માપ ૧૫૩૭૮ ચો.મી., કુલ માપ ૯૯૩૫૧.૦૦ ચો.મી., મોજે ગામ. દસ્તાન, તા. પલસાણા, જી. સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૬.૬૩ + અન્ય ચાર્જીસ | ૧) ૬૮૩૦૦૦<br>૨) ૬૮૩૦૦<br>૩) ૧૦૦૦૦ | સૌરવ રાજા ૮૯૮૦૦૨૬૬૧૬ |
| ૩ | **ભેસાણ**<br>ઉષા સંજય સોનવને અને સંજય દંગલ સોનવને<br>૨૦.૦૫.૨૦૨૬ | ઉષા સંજય સોનવને અને સંજય દંગલ સોનવને | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે અંજની નંદન રો હાઉસ નો પ્લોટ નં. ૬૫ (કેજેપી પછી તેનો બ્લોક નં. ૮૫/એ/૬૫) માપ ૪૨.૬૭ ચો.મીટર પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સાનું માપ એરિયા ૨૧.૧૦ ચો.મી રોડ અને સીઓપી જમીન નો બ્લોક નં. ૮૫ (રેવન્યુ સર્વે નં.૮૦+૮૩ પૈકી + ૮૫) માપ ૨૪૯૯૦.૦૦ ચો.મી પૈકી જમીન માપ ૧૨૦૦૪.૭૮ ચો.મી ગામ.કરડવા, સબ-ડિસ્ટ્રીકટ. ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૨૨.૬૨ + અન્ય ચાર્જીસ | ૧) ૨૨૫૦૦૦૦<br>૨) ૨૨૫૦૦૦<br>૩) ૧૦૦૦૦ | કમલેશ બચાવ ૮૯૮૦૦૨૧૦૬૩ |
| ૪ | **ભીમપોર**<br>નિખીલકુમાર રામપ્રસાદ વર્મા અને નીતુદેવી નિખીલકુમાર વર્મા<br>૧૭.૦૪.૨૦૨૬ | નિખીલકુમાર રામપ્રસાદ વર્મા અને નીતુદેવી નિખીલકુમાર વર્મા | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે શીવ વાટીકા વિભાગ-૨ નો પ્લોટ નં. ૬૦૦ સાઈટ મુજબ એરિયા માપ ૭૨.૦૦ ચો.વાર એટલે ૬૦.૨૦ ચો.મી (પ્લાન મુજબ માપ ૫૫.૯૩ ચો.મીટર) જમીન ના બાંધકામ ના વણવહેચાયેલ હિસ્સા માપ ૩૧.૨૨ ચો.મી રોડ અને સીઓપી સહિત રેવન્યુ સર્વે નં. ૭૦/૧ અને ૭૦/૨ તેનો બ્લોક નં. ૬૬ (રીસર્વે પછી બ્લોક નં.૮૭ અને ૮૮), ગામ. નનસાડ, સબ ડિસ્ટ્રીકટ. કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૧૪.૬૩ + અન્ય ચાર્જીસ | ૧) ૧૩૨૦૦૦૦<br>૨) ૧૩૨૦૦૦<br>૩) ૧૦૦૦૦ | કિરણ પલ સીંગ ૮૯૮૦૦૨૬૬૨૨ |
| ૫ | **ભુલકા ભવન**<br>મેસર્સ અમ્બીકા કલર્સ નેક્ષટ (માલિક સ્વ.વિમલકુમાર હસમુખ ગાંધી)<br>૨૩.૦૬.૨૦૨૬ | સ્વ.વિમલકુમાર હસમુખ ગાંધી | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'સુંદર રો હાઉસ' નો પ્લોટ નં. ૪ માપ ૯૦ ચો.વાર, મુળ જમીનનો રેવન્યુ સર્વે નં.૨૪૪ તેનો ટી.પી.એસ નં.૧૩, ફાઈનલ પ્લોટ નં.૧૨૬, ગામ. અડાજણ, જી.સુરત. ખાતે આવેલ છે. | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૪૮.૬૨ + અન્ય ચાર્જીસ | ૧) ૯૪૧૫૦૦૦<br>૨) ૯૪૧૫૦૦<br>૩) ૧૦૦૦૦ | સુકેશ શ્રીવાસ્તવ ૮૯૮૦૦૨૬૬૨૧ |
| ૬ | **ભુલકા ભવન**<br>દક્ષાબેન સુનીલભાઈ વસાવા<br>૨૯.૦૭.૨૦૨૫ | દક્ષાબેન સુનીલભાઈ વસાવા | તમામ હક, હિત, સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે **'સત્યમ'**, **'શીવમ અને સુંદરમ'** બિલ્ડીંગ માં થી **'શીવમ'** તરીકે ઓળખાતી બિલ્ડીંગ ના ૨જા માળ નો ફલેટ નં.૨૦૬ સુપર બિલ્ટઅપ એરીયા માપ આશરે ૫૬૩.૦૦ ચો.ફુટ, અને બિલ્ટઅપ એરીયા માપ ૩૧.૩૯ ચો.મીટર, પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સહિત જે જમીન ઉપર થયેલ બિલ્ડીંગ ના બાંધકામ નો સીટી સર્વે નોંધ નં. ૧૭૪૩/૧૫ થી ૧૭૪૩/૧૮, ૧૮૧૦/બી અને ૧૬૭૬, કુલ માપ ૭૧૭.૭૫૩ ચો.મીટર વોર્ડ નં. ૨, સગરામપુરા, ઝંડા શેરી એરીયા, સુરત, સબ ડિસ્ટ્રીકટ.સુરત સીટી, જી. સુરત ખાતે આવેલ છે. | ફલેટ<br>પ્રત્યક્ષ | રૂા.૧૨.૪૫ + અન્ય ચાર્જીસ | ૧) ૧૩૬૮૦૦૦<br>૨) ૧૩૬૮૦૦<br>૩) ૧૦૦૦૦ | સુકેશ શ્રીવાસ્તવ ૮૯૮૦૦૨૬૬૨૧ |
| ૭ | **ચલથાણ**<br>સંજીવ કુમાર સીંગ<br>૨૩.૦૪.૨૦૨૬ | સંજીવ કુમાર સીંગ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ધર્માનંદન રેસીડન્સી, નો પ્લોટ નં. ૫, બિલ્ટઅપ એરીયા માપ ૪૨.૫૭ ચો.મીટર, બ્લોક નં. ૧૨૨, સર્વે નં. ૯૬, મોજે ગામ. જોલવા, તા. પલસાણા, સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૯.૮૦ + અન્ય ચાર્જીસ | ૧) ૯૩૫૦૦૦<br>૨) ૯૩૫૦૦<br>૩) ૧૦૦૦૦ | અભીષેક કુમાર ૮૯૮૦૦૨૧૦૭૩ |
| ૮ | **દિહેણ**<br>નિમ્બારામ બલ્લુજી દેવાસી અને ભવરી દેવી નિમ્બા રામ<br>૦૭.૦૧.૨૦૨૬ | નિમ્બારામ બલ્લુજી દેવાસી | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત 'વાસ્તુપૂજા રેસીડેન્સી', નો પ્લોટ નં.૨૦૨, આશરે માપ ૪૦.૧૩ ચો.મી (કેજેપી મુજબ બ્લોક નં. ૪૪૯/૨૦૨ માપ આશરે ૪૦.૧૮ ચો.મીટર) જમીન રે. સ. નં. ૩૫૪, બ્લોક નં. ૪૪૯ (નવો બ્લોક નં. ૫૦૩), ગામ.હલધરૂ, તા. કામરેજ, સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૯.૯૦ + અન્ય ચાર્જીસ | ૧) ૯૨૩૪૦૦<br>૨) ૯૨૩૪૦<br>૩) ૧૦૦૦૦ | રીતુકાંત શ્રીવાસ્તવ ૮૯૮૦૦૨૬૬૨૭ |
| ૯ | **હની પાર્ક**<br>સુધાબેન ભાવીક નાવડિયા<br>૨૧.૦૫.૨૦૨૬ | સુધાબેન ભાવીક નાવડિયા | તમામ હક, હિત અને સંબધ ધરાવતી સ્થાયી મિલકત કે જે ' મીલેન્યિમ રેસીડેન્સી' નો પ્રાઈવેટ સાઈડ નો પ્લોટ નં. ૩૧૩ (કેજેપી પછી બ્લોક નં.૧૩૯/૩૧૩/૧૦૨, પાસ થયેલ પ્લાન મુજબ બ્લોક નં.૨૬૪/પ્લોટ નં.૧૦૨), માપ ૮૦.૦૪ ચો.વાર. એટલે ૬૬.૯૨ ચો.મી, વણવહેચાયેલ હિસ્સા સાથે જમીનનું માપ ૩૮.૫૬ ચો.મી, કુલ માપ ૧૦૫.૪૮ ચો.મી, જમીન બ્લોક નં. ૨૬૦, ૨૬૧, ૨૬૪ અને ૨૭૦ (રી-સર્વે નવો બ્લોક નં.૧૩૯), માપ ૭૫૦૩૬ ચો.મી, ગામ.વેલંજા, સબ ડિસ્ટ્રીકટ. કામરેજ (હવે અબ્રામા), જી.સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૩૦.૭૮ + અન્ય ચાર્જીસ | ૧) ૩૦૭૬૦૦૦<br>૨) ૩૦૭૬૦૦<br>૩) ૧૦૦૦૦ | અમન આનંદ ૮૯૮૦૦૨૬૬૦૫ |
| ૧૦ | **હની પાર્ક**<br>ભાવેશ યોગેશકુમાર દેવરે અને યોગેશકુમાર બિપીનભાઈ દેવરે<br>૧૮.૦૬.૨૦૨૬ | ભાવેશ યોગેશકુમાર દેવરે અને યોગેશકુમાર બિપીનભાઈ દેવરે | તમામ હક્ક ટાઈટલ અને હિત ધરાવતી સ્થાયી મિલકત કે જે ' શગુન રેસીડેન્સી' ની બિલ્ડીંગ નં.૨ ના ૫મા માળ નો ફલેટ નં.૫૦૧, માપ આશરે ૮૨૪ ચો.ફુટ એટલે ૭૬.૫૫ ચો.મી સુપર બિલ્ટઅપ એરિયા, એટલે ૫૯૪ ચો.ફુટ એટલે ૫૫.૫૮ ચો.મી બિલ્ટઅપ એરિયા, એટલે કે કાર્પેટ એરિયા માપ ૪૯૫ ચો.ફુટ એટલે ૪૫.૯૯ ચો.મી, વણવહેચાયેલ જમીન માપ ૨૭.૧૯ ચો.મી હિસ્સા સાથે બિલ્ડીંગ નું બાંધકામ રેવન્યુ સર્વે નં.૮૧/૧, બ્લોક નં.૧૩૨, ફાઈનલ પ્લોટ નં.૬૧, ટી.પી.સ્કીમ નં.૪૬, ગામ.જહાંગીરપુરા, તાલુકા.ચોર્યાસી, જી.સુરત ખાતે આવેલ છે. | ફલેટ<br>સાંકેતિક | રૂા.૫.૩૭ + અન્ય ચાર્જીસ | ૧) ૧૭૮૦૨૦૦<br>૨) ૧૭૮૦૨૦<br>૩) ૧૦૦૦૦ | અમન આનંદ ૮૯૮૦૦૨૬૬૦૫ |
| ૧૧ | **હની પાર્ક**<br>વિજય યાદવ અને હનુમાન યાદવ<br>૧૨.૦૩.૨૦૨૬ | **વિજય યાદવ** | તમામ હક, હિત અને સંબધ ધરાવતી સ્થાયી મિલકત કે જે ' **આરાધના પ્લેટીનીયમ વિભાગ-૨ ' નો પ્લોટ નં. ૧૪૬** (કેજેપી પછી બ્લોક નં. ૪૬૩/૧૪૬, માપ ૫૬.૫૮ ચો.મી.) માપ એરીયા ૫૯.૩૬ ચો.મી એટલે બરાબર ૭૧.૦૦ ચો.વાર વણવહેચાયેલ માપ ૩૬.૫૧ ચો.મી કોમન રોડ અને સીઓપી ના સોસાયટી જમીનના હિસ્સા સાથે બ્લોક નં. ૪૬૩, રેવન્યુ સર્વે નં. ૪૭૧ મોજે. ગામ. ઉમરખ, તા. બારડોલી, જી.સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ<br>પ્રત્યક્ષ | રૂા.૧૧.૩૮ + અન્ય ચાર્જીસ | ૧) ૧૦૬૨૦૦૦<br>૨) ૧૦૬૨૦૦<br>૩) ૧૦૦૦૦ | અમન આનંદ ૮૯૮૦૦૨૬૬૦૫ |
| ૧૨ | **કૃભકો ટાઉનશીપ**<br>ગોરખ ગોકુલ પાટીલ અને મીરાબાઈ ગોકુલ પાટીલ<br>૨૩.૦૬.૨૦૨૬ | ગોરખ ગોકુલ પાટીલ અને મીરાબાઈ ગોકુલ પાટીલ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી જમીન અને બિલ્ડીંગ કે જે ' મહાદેવ નગર ' નો પ્લોટ નં.૪૨/૨ મંજૂર પ્લાન મુજબ પ્લોટ નં. ૪૪૬ માપ આશરે ૩૯.૦૧ ચો.મીટર જોડાણો સાથે માર્જીન એરીયા ૧૨ × ૫ ચો. ફુટ તેના ઉપર બાંધકામ સહિત જમીન રે.સ.નં. ૩૫૨/૨, બ્લોક નં. ૫૧૧, ગામ. ડિંડોલી, તા. સુરત સીટી, જી. સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૧૬.૬૨ + અન્ય ચાર્જીસ | ૧) ૨૦૯૨૦૦૦<br>૨) ૨૦૯૨૦૦<br>૩) ૧૦૦૦૦ | રાજેન્દ્ર શ્રીધર ચાવન ૮૯૮૦૦૨૬૬૪૮ |
| ૧૩ | **એમએસએમઈ**<br>મીનાબેન ચંદ્રકાંત ભેડા અને ચંદ્રકાંત અમૃતલાલ ભેડા<br>૨૦.૦૫.૨૦૨૬ | ચંદ્રકાંત અમૃતલાલ ભેડા | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'શ્રી કામધેનુ રો હાઉસ અને શોપીંગ સેન્ટર' નો પ્લોટ નં.૫૯ માપ આશરે ૮૦.૪૫ ચો.વાર એટલે ૬૭.૨૯ ચો.મી બરાબર, સાઈટ મુજબ માપ આશરે ૮૧.૧૬ ચો.મી, મંજુર પ્લાન મુજબ ખુલ્લી જમીનના પ્રમાણસર વણવહેચાય હિસ્સા કુલ સીઓપી અને રોડ માર્જીન પૈકી જમીન નો રેવન્યુ સર્વે નં.૧૯૪, પૈકી બ્લોક નં.૮૨, આશરે માપ હેકટર આરે ૦-૮૩-૨૪ એટલે ૮૩૨૪.૦૦ ચો.મી, પૈકી રહેણાંકની જમીન, ગામ લીન્ડયાદ, તા.માંગરોલ, જી. સુરત ખાતે આવેલ છે | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૧૨.૮૨ + અન્ય ચાર્જીસ | ૧) ૧૩૨૮૦૦૦<br>૨) ૧૩૨૮૦૦<br>૩) ૧૦૦૦૦ | પ્રનોતી એસ નેના ૮૯૮૦૦૨૧૦૫૫ |
| ૧૪ | **નાનપુરા**<br>અંબાદાસ મોરે<br>૦૬.૦૮.૨૦૨૫ | રેખાબેન મોરે અને અંબાદાસ મોરે | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે **અંજની નંદન હાઉસ નો પ્લોટ નં. ૩૫** (કે જે પી બાદ બ્લોક નં. - ૮૫/એ/૩૫) માપ ૪૨.૬૭ ચો.મી.,સીઓપી અને રોડ ની જમીન ના વણવહેચાયેલ ૨૧.૧૦ ચો.મી. હિસ્સા સહિત બિનખેતી જમીન રેવન્યુ સર્વે નં. ૮૦-૮૩ પૈકી + ૮૫, બ્લોક નં. ૮૫, મોજે કરડવા, સબડિસ્ટ્રીક ચોર્યાસી, સુરત ખાતે આવેલ છે. | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૨૪.૩૯ + અન્ય ચાર્જીસ | ૧) ૨૨૪૩૦૦૦<br>૨) ૨૨૪૩૦૦<br>૩) ૧૦૦૦૦ | વીરા કુમાર ૮૯૮૦૦૨૬૬૬૦ |
| ૧૫ | **સચીન**<br>અનીલકુમાર સહદેવ ઓઝા અને આંનદકુમાર સહદેવ ઓઝા | અનીલકુમાર સહદેવ ઓઝા | ઈકવીટેબલ મોર્ગેજ કરેલ તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ' આરાધના પેલેસ' ના પ્લોટ નં.૯૬, (કેજેપી મુજબ બ્લોક નં. ૨૯/૯૬ માપ ૬૦.૨૨ ચો.મીટર) માપ આશરે ૭૨.૦૦ ચો.વાર, પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા રોડ અને સીઓપી સાથે, બ્લોક નં. ૨૯, ગામ. જોલવા, તા. પલસાણા જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૧૨.૪૮ + અન્ય ચાર્જીસ | ૧) ૮૩૦૦૦૦<br>૨) ૮૩૦૦૦<br>૩) ૧૦૦૦૦ | રાજીવ રંજન ૬૩૫૯૯૦૯૮૧૯ |
| ૧૬ | **હની પાર્ક**<br>વિનોદકુમાર રાજુભાઈ સેનવા રાજુભાઈ ભીકાભાઈ સેનવા અને કમલાબેન રાજુભાઈ સેનવા<br>૨૧.૦૫.૨૦૨૬ | વિનોદકુમાર રાજુભાઈ સેનવા અને કમલાબેન રાજુભાઈ સેનવા | તમામ હક્ક ટાઈટલ અને હિત ધરાવતી સ્થાયી મિલકત કે જે ' સુમન શાંતી ની એલઆઈજી-૧૩/બિલ્ડીંગ નં.ડી' નો ફલેટ નં.એલઆઈજી-૧૩/ડી-૧૩૦૪, બિલ્ટઅપ એરિયા માપ આશરે ૪૨.૦૪૬ ચો.મી, કાર્પેટ એરિયા માપ ૩૫.૯૯૮ ચો.મી, બરાબર વણવહેચાયેલ હિસ્સા સાથે ટી.પી.સ્કીમ નં.૩૦ (રાંદેર), એફ.પી.નં.૨૭, ગામ.રાંદેર, તાલુકા.સુરત સીટી (ચોર્યાસી), જી.સુરત ખાતે આવેલ છે. | ફલેટ<br>સાંકેતિક | રૂા.૧.૯૬ + અન્ય ચાર્જીસ | ૧) ૭૩૩૫૦૦<br>૨) ૭૩૩૫૦<br>૩) ૧૦૦૦૦ | અમન આનંદ ૮૯૮૦૦૨૬૬૦૫ |
| ૧૭ | **ઝાંપા બજાર**<br>સોમનાથ કિશન અહેર<br>૨૫.૦૫.૨૦૨૬ | સોમનાથ કિશન અહેર | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી 'જુહિકા રેસીડેન્સી-૧' નો પ્લોટ નં.૧૧૩ આશરે માપ ૪૦.૧૫ ચો.મી. એટલે ૪૮.૦૨ ચો.વાર, વણવહેચાયેલ હિસ્સા આશરે માપ ૧૬.૦૨ ચો.મી રોડ અને સીઓપી ના સહિત રી સર્વે., બ્લોક નં. ૮૫, જુનો બ્લોક નં.૬૧ તેનો રેવન્યુ સર્વે નં.૫૦, ગામ.નનસાડ,સબ-ડિસ્ટ્રીકટ.કામરેજ, જી. સુરત ખાતે આવેલ છે | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૬.૯૬ + અન્ય ચાર્જીસ | ૧) ૮૦૬૦૦૦<br>૨) ૮૦૬૦૦<br>૩) ૧૦૦૦૦ | નિશા શર્મા ૮૯૮૦૦૨૬૭૦૧ |
| ૧૮ | **ઝાંપા બજાર**<br>શૈલેષ નારાયણ હીરે<br>૧૧.૦૬.૨૦૨૬ | શૈલેષ નારાયણ હીરે | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'મહાવીર વિલા' નો પાસ થયેલ પ્લાન મુજબ પ્લોટ નં.૩(તેનો સીટી સર્વે નં.એનએ૬૧/૩ વોર્ડ સણીયા કણડે (બિન-ખેતી) માપ ૪૪.૫૯ ચો.મી, વણવહેચાયેલ હિસ્સા ૨૧.૯૧ ચો.મી રોડ અને સીઓપી, કુલ માપ ૬૬.૫૦ ચો.મી ના સહિત, રેવન્યુ સર્વે નં.૫૭, બ્લોક નં.૬૧ માપ ૧૯૬૨૭ ચો.મી પૈકી માપ ૭૮૫૦.૮૦ ચો.મી જમીન રોડ અને એલાઈમેન્ટ માં કપાત બાદ બાકીની જમીનનું માપ ૧૧૭૭૬.૨૦ ચો.મી, મોજે ગામ. સણીયા- કણડે, સબ-ડિસ્ટ્રકિટ. ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે | રો હાઉસ<br>સાંકેતિક | રૂા.૨૮.૮૮ + અન્ય ચાર્જીસ | ૧) ૩૦૭૫૦૦૦<br>૨) ૩૦૭૫૦૦<br>૩) ૧૦૦૦૦ | નિશા શર્મા ૮૯૮૦૦૨૬૭૦૧ |
| ૧૯ | **ઝાંપા બજાર**<br>મેસર્સ ડેસ્ટીની ફેશન પ્રા.લી. (શ્રીમતી પારૂલ રાજેન્દ્ર ભગવાકર, શ્રી મહેશ સાકરલાલ ભગવાકર, શ્રીમતી આરતીબેન કીરીટકુમાર ભગવાકર, અને સ્વ. શ્રીમતી જશુબેન સાકરલાલ ટેલર ના કાનુની વારસદાર, શ્રી કીરીટકુમાર સાકરલાલ ભગવાકર | શ્રી મહેશ સાકરલાલ ભગવાકર અને શ્રીમતી જશુબેન સાકરલાલ ટેલર | સાકેત અપાર્ટમેન્ટ ના ૨જા માળ નો ફલેટ નં. ૨૦૧, ઈન્ડોર સ્ટેડિયમ સામે, નીલકમલ એપાર્ટમેન્ટ નજીક, ઘોડદોડ રોડ, મોજે અથવાલાઈન્સ, જી. સુરત ખાતે મહેશ સાકરલાલ ભગવાકર અને શ્રીમતી જશુબેન ટેલર આવેલ છે.<br>રવિ જયોત અપાર્ટમેન્ટ ના ૧લો માળ, ડી-વિંગ નો ફલેટ નં. ડી/૧, લોર્ડસ કનવન્ટ સ્કુલ, ઈન્ડોર સ્ટેડિયમ નજીક, સુરત ડુમસ રોડ, મોજે અઠવાલાઈન્સ, સબ ડિસ્ટ્રીકટ.ચોર્યાસી, જી.સુરત ખાતે મહેશ સાકરલાલ ભગવાકર અને શ્રીમતી જશુબેન ટેલર ના નામે આવેલ છે. | ફલેટ<br>સાંકેતિક<br>ફલેટ<br>સાંકેતિક | રૂા.૩૩.૮૫ + અન્ય ચાર્જીસ | ૧) ૩૪૫૧૦૦૦<br>૨) ૩૪૫૧૦૦<br>૩) ૧૦૦૦૦<br>૧) ૩૫૪૧૦૦૦<br>૨) ૩૫૪૧૦૦<br>૩) ૧૦૦૦૦ | નિશા શર્મા ૮૯૮૦૦૨૬૭૦૧ |

**સરફેસી એકટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૩૦ દિવસની માટે વૈધાનિક વેચાણ નોટીસ**

તમામ મિલકત માટે બિડ વધારા રકમ રૂા.૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર પુરા) રહેશે. વેચાણનાં વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી આપેલ લીંક https://www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com પર જાવ.
સંભવિત બિડરો અધિકૃત અધિકારી ફોન નં. +૯૧ ૮૬૮૨૯૭૭૫૯ +૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭ નો સંપર્ક કરે.
(જો અંગ્રેજી સંસ્કરણ અને કોઈપણ અન્ય ભાષાના સંસ્કરણ વચ્ચે વિસંગતતા જણાય તો અંગ્રેજી સંસ્કરણને માન્ય ગણવામાં આવશે.)

SCAN HERE For detailed Terms & Conditions

તા.૨૩.૧૦.૨૦૨૬ । સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, ચીફ મેનેજર, બેંક ઓફ બરોડા